eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 110**
**July 13, 2007**

## સાંસ્કૃતિક વિભાગની અલૂણવ્રત ગોરમાગીત સ્પર્ધા અંગેની માહિતી

સુરત મહાનગર સેવાસદન દ્વારા અલુણાવ્રત મહેંદી, થાળી(આરતી) શણગાર અને ગોરમાગીતની સ્પર્ધાઓનું આયોજન અનુક્રમે ૨૬, ૨૭, ૩૦ જુલાઈ ૨૦૦૭ દરમ્યાન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓ જુદી જુદી વયજુથ પ્રમાણે સ્પર્ધકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગની સ્પર્ધા માટે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કૂલ લીવીંગ સર્ટી અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા–ડેંગ્યુ–ચિકન ગુનિયા" માસ અભિયાન – અઠવા ઝોન

સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી. વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા–ડેંગ્યુ–ચિકન ગુનિયા" માસ અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશ.

સુરત શહેરમાં આગમી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ દ્વાસખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન (રાંદેર)માં ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ)માં આવેલ આનંદમહલ રોડથી પ્રાઈમ આર્કેડ જતાં રસ્તા ઉપર ટ્રાફીકની અવર જવર ખુબ જ રહે છે. અડાજણ–આનંદમહલ રોડ થી રાંદેર મેઈન રોડને આ રસ્તો જોડે છે. આ મુખ્ય માર્ગ ઉપર ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ) ફાળવેલ પ્લોટ નં. ૧૬૮માં રણછોડનગર સોસા. આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) માંથી પસાર થતો સુરત બારડોલી મેઈન રોડ પર લારી–ગલ્લાનું દબાણ દુર કરવા બાબત

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં પસાર થતા સુરત બારડોલી રોડ પર ફળફળાદીનું વેચાણ કરનારાઓ દ્વારા લારી–ગલ્લાઓનું અતિક્રમણ કરી ટ્રાફિક પરીવહનમાં અવરોધ ઉભો કરાતો હોઈ તા.૬/૦૭/૦૭ નાં રોજ દબાણ હટાવ અભિયાન આદરવામાં આવેલ, જે અન્વયે ખુલ્લી લારીઓ નંગ–૧૭ આ રસ્તા પરથી કબજે લેવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની તબીબી કચરાનાં નિકાલ અંગે કોન્ફરન્સ



સુરત મહાનગર સેવાસદનનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા "નિર્મળ ગુજરાત–૨૦૦૭" અંતર્ગત મા. મેયરશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ જૈવિક તબીબી કચરા(બાયોમેડિકલ વેસ્ટ) નાં નિકાલ અંગે જાગૃતિ અભિયાનની એક મીટીંગનું તા.૧૦/૦૭/૦૭ ના રોજ આયોજન જુના સ્થાયી સમિતિ ખંડ(કોન્ફરન્સ રૂમ) માં સવારે ૧૧–૦૦ કલાકે રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ કામગીરી

મે.કમિશનરશ્રી ની તા.૨૧/૦૨/૦૭ની આરોગ્ય/એન્જી.ની સંકલન મીટીંગમાં થયેલ ચર્ચાનુસાર નિર્મળ ગુજરાત – ૨૦૦૭ના વર્ષની ઉજવણી નિમિત્તે સેન્ટ્રલ ઝોન/આરોગ્ય વોર્ડ નં.૨ સી – રૂદરપુરા વિસ્તારમાં બુધવારે તા.૧૧/૦૭/૦૭ના રોજ સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

(૧) ગંદકી કરનાર ઈસમોને દંડ વસુલ બાબત
(૨) રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ ઉપાડી દંડ કરવા બાબત

વધુ માટે કલીક કરો >>>>>>

# સાંસ્કૃતિક વિભાગની અલૂણવ્રત ગોરમાગીત સ્પર્ધા અંગેની માહિતી

સુરત મહાનગર સેવાસદન દ્વારા અલુણાવ્રત મહેંદી, થાળી(આરતી) શણગાર અને ગોરમાગીતની સ્પર્ધાઓનું આયોજન અનુક્રમે ૨૬, ૨૭, ૩૦ જુલાઈ ૨૦૦૭ દરમ્યાન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓ જુદી જુદી વયજુથ પ્રમાણે સ્પર્ધકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગની સ્પર્ધા માટે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કૂલ લીવીંગ સર્ટી અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગર સેવા સદનની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત સાંસ્કૃતિક વિભાગમાંથી તથા દરેક ઝોનના સીટી સીવીક સેન્ટર ઉપરથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતે તા. ૧૬/૦૭/૦૭ સુધી સ્વીકારવામાં આવશે.

TOP

## "મેલેરીયા–ડેંગ્યુ–ચિકન ગુનિયા" માસ અભિયાન – અઠવા ઝોન

સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી. વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા–ડેંગ્યુ–ચિકન ગુનિયા" માસ અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં આગમી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશ્નરશ્રીના આદેશનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડા શ્રી પ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈની સૂચના મુજબ તા.૧/૦૬/૦૭ તા. ૩૦/૦૬/૦૭ દરમ્યાન મેલેરીયા, ડેંગ્યુ તથા ચિકન ગુનિયાના રોકથામ માટે કુલ–૧૨૫૮૫૦ ઘર સર્વે કરવામાં આવેલ તેમજ સર્વે ઘર દ્વારા કુલ–૧૮૮૨ બ્રિડીંગ મળી આવેલ જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવેલ. કન્ટેનર જપ્ત કરવાની ઝુંબેશ હાથધરી ડ્રમ, કેરબા, માટલાં સહિત કુલ–૮૪૫ કન્ટેનરો જપ્ત કરેલ. વધુમાં બાંધકામમાં મચ્છરજન્ય પરિસ્થિતિ માલૂમ પડતાં ઈસમો પાસેથી સ્થળ ઉપર જ રૂા.૧,૦૦,૩૦૦/–વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ તથા લોકજાગૃતિના ભાગરૂપે ૧૫૧૨૬ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ. જનજાગૃતિના ભાગરૂપે એક રેલીનું આયોજન હાથમાં આવેલ જેમાં ડે.મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ઝોનના વડાશ્રી પ્રદિપસિંહ ઝાલા તેમજ ઝોનલ ઓફિસરશ્રી કે.એસ.દેસાઈ દ્વારા મચ્છર જન્ય પરિસ્થિતિની નિવારવા લોક સહકાર અને લોકો દ્વારા લેવા જોગ કાળજી અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવેલ. જૂન–જુલાઈ માસને મેલેરિયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા વિરોધી માસ તરીકે ઉજવવાના ભાગરૂપે પપેટ શો, નાટક અને ભવાઈ દ્વારા લોકોમાં મચ્છરજન્ય રોગો વિષે બહોળા પ્રમાણમાં જન જાગૃતિ કેળવાય તેવાં તમામ પ્રયત્નો કરવામાં આવ્યા.

વધુમાં તા. ૧/૦૬/૦૭ થી તા.૩૦/૦૬/૦૭ દરમ્યાન ખુલ્લાં પ્લોટમાં જરૂરી માટીપૂરાણ/રીચાર્જ બોરિંગની કામગીરી કરવામાં નિષ્ક્રિયતા દર્શાવતાં ૬૯ ઈસમો સામે મ્યુ.કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તામાં મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર સેવાસદનનાં વી.બી.ડી.સી. વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપુર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેની જાણ કરવામાં આવે છે.

TOP

# પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન (રાંદેર)માં ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ)માં આવેલ આનંદમહલ રોડથી પ્રાઈમ આર્કેડ જતાં રસ્તા ઉપર ટ્રાફીકની અવર જવર ખુબ જ રહે છે. અડાજણ–આનંદમહલ રોડ થી રાંદેર મેઈન રોડને આ રસ્તો જોડે છે. આ મુખ્ય માર્ગ ઉપર ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ) ફાળવેલ પ્લોટ નં. ૧૬૮માં રણછોડનગર સોસા. આવેલ છે. આ સોસા.નો સી.ઓ.પી. મુખ્ય માર્ગને અડીને આવેલ છે. આ સી.ઓ.પી.માં સોસા.દ્વારા લોખંડની પાઈપો ઉપર તેમજ છતના ભાગે ગેલ્વેનાઈઝના પતરાં લગાવી ૦૨ મોટા શેડો બનાવે. આ સોસા.ના સી.ઓ.પી.માં રોકાણ કરી હેન્ડલુમ હેન્ડીક્રાફટ માટે સદર શેટ ભાડે અને ગેરકાયદેસર બાંધેલ શેડ સામાન્ય રીતે મહાનગર સેવાસદનમાં ટેમ્પરરી શેડના ટૂંકા ગાળાના કોર્મશીયલ વપરાશ માટે ના બાંધકામ માટે મધ્યસ્થ શહેરવિકાસ ખાતાની પરવાનગી લેવાની રહે છે. પરંતુ સોસા.ના સી.ઓ.પી.માં આવી પરવાનગી માટે પાબંદી હોય છે. આ સી.ઓ.પી.માં ટુંકા ગાળામાં કોર્મશીયલ વપરાશ માટે પરવાનગી આપવામાં આવેલ ન હતી. પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા જેથી આ સોસા.ના પ્રમુખને તથા હેન્ડલુમ હેન્ડીક્રાફંટના સંચાલકને શેડો દુર કરવા માટે જાણ કરવામાં આવેલી. અગત્યના મુખ્ય માર્ગ ઉપર ટેમ્પરરી બાંધકામથી અનઅધિકૃત પાર્કીગ શરૂ થતા આથી પશ્ચિમ ઝોન દ્વારા આજ રોજ તા.૬/૦૭/૦૭ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે આ તમામ ટેમ્પરરી કોર્મશીયલ હેતુના બાંધકામના શેડો (જેનું ક્ષેત્રફળ આશરે ૩૦૦૦ ચો.ફુટ) દુર કરવામાં આવેલ છે તથા જરૂરી માલસામાન જપ્ત કરી હેન્ડલુમના સંચાલકને દંડકીય કાર્યવાહી કરવા, કાર્યવાહી શરૂ કરેલ છે.

ઉપરોકત તમામ કામગીરી અત્રેના રાંદેર ઝોનના ચીફશ્રીની સુચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અઠવા ઝોન, ઉધના ઝોન, વરાછા ઝોન, સેન્ટ્રલ ઝોન અને રાંદેર ઝોનના શહેરવિકાસ અને દબાણ વિભાગ દ્વારા શાંતિપૂર્વક પુરી કરવામાં આવી છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા) માંથી પસાર થતો સુરત બારડોલી મેઈન રોડ પર લારી–ગલ્લાનું દબાણ દુર કરવા બાબત

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં  પસાર થતા સુરત બારડોલી રોડ પર ફળફળાદીનું વેચાણ કરનારાઓ દ્વારા લારી–ગલ્લાઓનું અતિક્રમણ કરી ટ્રાફિક પરીવહનમાં અવરોધ ઉભો કરાતો હોઈ તા.૬/૦૭/૦૭ નાં રોજ દબાણ હટાવ અભિયાન આદરવામાં આવેલ, જે અન્વયે ખુલ્લી લારીઓ નંગ–૧૭ આ રસ્તા પરથી કબજે લેવામાં આવેલ. વધુમાં આ જ રસ્તા પર ફ્રુટ માર્કેટનાં રસ્તાને અડીને આવેલ દુકાનોનાં માલિકોએ પણ ફુટપાથ તેમજ અંશતઃ ટી.પી. રસ્તા પર ફ્રુટ–સ્ટોલ વિગેરે ગોઠવી તેમજ ટી.પી. રસ્તાઓ પર પતરા/તાડપત્રીનાં પ્રોજેકશનો કરેલ હોઈ આ ફ્રુટ સ્ટોલોને દબાણ જે તે માલિકો દ્વારા જ દુર કરવવામાં આવેલ અને ટી.પી. રસ્તા પરનાં પ્રોજેકશનો જે.સી.બી. મશીનનો ઉપયોગ કરી અત્રેથી દુર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વરાછા મેઈન રોડ, કાપોદ્રા જંકશનથી રચના જંકશન સુધીનાં ટી.પી.રસ્તા પર થયેલ દબાણો દુર કરવામાં આવેલ. જેમાં ખુલ્લી લારી નં.૨૩ (ત્રેવીસ) એસ.ટી.ડી., પી.સી.ઓ.ની કેબીન નંગ–૧ (એક) તેમજ અન્ય પરચુરણ સામાન કબજે લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોન (વરાછા)નાં શહેર વિકાસ/દબાણ ખાતાનાં સ્ટાફ, ડેપ્યુટી ઈજનેરશ્રીઓ દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતનાં પ્રત્યક્ષ નેતૃત્વ/માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

TOP

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની તબીબી કચરાનાં નિકાલ અંગે કોન્ફરન્સ

સુરત મહાનગર સેવાસદનનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ''નિર્મળ ગુજરાત–૨૦૦૭'' અંતર્ગત મા. મેયરશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ જૈવિક તબીબી કચરા(બાયોમેડિકલ વેસ્ટ) નાં નિકાલ અંગે જાગૃતિ અભિયાનની એક મીટીંગનું તા.૧૦/૦૭/૦૭ ના રોજ આયોજન જુના સ્થાયી સમિતિ ખંડ(કોન્ફરન્સ રૂમ) માં સવારે ૧૧–૦૦ કલાકે રાખવામાં આવેલ. જેમાં મહાનગર સેવા સદનનાં ડે.મેયરશ્રી, આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રી, રૂગ્ણાલય અને હોસ્પીટલ સમિતિનાં ચેરમેનશ્રી, મે.કમિશનરશ્રી, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પી.), આરોગ્ય અધિકારીશ્રી તથા દરેક ઝોનનાં નાયબ/આસી. આરોગ્ય અધિકારીશ્રી તેમજ સુરત શહેરનાં વિવિધ મેડીકલ એસોસીએશનનાં હોદેદ્દારો, જીપીસીબીનાં ઓફિસરો અને સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટીનાં ડાયરેકટર હાજર રહયા હતા.



જેમા સુરત મહાનગર સેવા સદન દ્વારા શહેર માંથી ઉત્પન્ન થતા જૈવિક તબીબી કચરનાં નિકાલ માટે ખફફત ધોરણે સાત (૭) વર્ષનાં સમયગાળા માટે નિયુકત કરવામાં આવેલ એજન્સી શ્રી એનવીઝન એન્વાયરો એન્જીનીયર્સ દ્વારા સને ૨૦૦૩ થી ભટાર ખાતે સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટી કાર્યરત છે. આજરોજની બેઠક રાખવાનો હેતુ શહેરમાંથી બાયોમેડીકલ વેસ્ટ ઉત્પન્ન કરતાં તમામ જનરેટર્સ દ્વારા બાયોમેડીકલ વેસ્ટ રૂલ્સ ૧૯૯૮ અંતર્ગત કલર કોડ મુજબ મેડીકલ વેસ્ટને સેગ્રીગેટ કરીને એજન્સીને આપવા માટે મા.મેયરીશ્રી દ્વારા ખાસ ભાર મુકવામાં આવ્યો તેમજ તમામ જનરેટર્સ દ્વારા બાયોમેડીકલ વેસ્ટને અન્ય રીતે ગેરકાયદેસર નિકાલ ન કરતાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટી ખાતે સાયન્ટીફીક રીતે નિકાલ કરવા જણાવવામાં આવ્યું. આથી શહેરનું આરોગ્યપ્રદ રોગમુકત તેમજ પર્યાવરણીય વાતાવરણ જળવાઈ રહે. તમામ જનરેટર્સ ખાસ કરીને વિવિધ મેડીકલ એસોસીએશનનાં હોદેદ્દરો ડોકટરો દ્વારા કરવામાં આવેલ રજુઆત અન્વયે કમિશનરશ્રી દ્વારા બાયોમેડીકલ વેસ્ટનાં નિકાલ અંગે પેરામેડીકલ સ્ટાફને ટ્રેનીંગ સુરત મહાનગર સેવાસદન/એનવીઝન દ્વારા આપવા અંગે આગળ આવવા જણાવ્યુ. તેમજ બાયોમેડીકલ વેસ્ટનાં નિર્મળ ગુજરાત – ૨૦૦૭ –અંતર્ગત જાગૃતના અભિયાન હેઠળ વિવિધ મેડીકલ એસોસીએશનનાં તેઓને અનુકુળ જગ્યા અને સમયે સુરત મહાનગર સેવા સદન/એનવીઝન દ્વારા સેમીનારનું આયોજન કરવા સુચના આપી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારીશ્રીએ રજીસ્ટ્રેશન વિગેરે બાબતે સરળતા કરી આપવાની વાત જણાવી હતી. શહેરી તબીબી વ્યવસાય સાથે સંકળાયલા તમામ મંચ પરથી અપીલ કરવામાં આવી હતી કે પોતાની સંસ્થાના જૈવિક તબીબી કચરાનો નિકાલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટી ખાતે જ થાય તે માટે તકેદારી રાખવી જોઈએ અને ઉપલબ્ધ ફેસીલીટીનો નિયમ મુજબ પુરેપુરો વપરાશ થાય તે પણ જોવુ જોઈએ અને નિયત સમયમર્યાદા બાંધી ત્યારબાદ કોઈ પણ જૈવિક તબીબી કચરો અન્ય સ્થળે નિકાલ થતો જણાય તો કાયદાકીય જોગવાઈઓ હેઠળ કડક પગલા લેવાનો તમામનો સુર હતો. કમિશનરશ્રીએ તમામ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ વ્યકિતઓ કે સંસ્થાઓનું લીસ્ટ તૈયાર કરી ખુબ જ નજીકમાં આ તબીબી કચરાના નિકાલ અંગે એક એકશન પ્લાન બનાવવાનું નકકી કરવાનું જણાવ્યું. જેમાં જીપીસીબી અને સુરત મહાનગર સેવાસદનનાં અધિકારીઓ સાથે રહીને આ કાર્યક્ષેત્રને સઘન બનાવી લેવા જોગ તમામ પગલાઓ લેવા તાકીદ કરી હતી.

TOP

## સેન્ટ્રલ ઝોનની નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ કામગીરી

મે.કમિશ્નરશ્રી ની તા.૨૧/૦૨/૦૭ની આરોગ્ય/એન્જી.ની સંકલન મીટીંગમાં થયેલ ચર્ચાનુસાર નિર્મળ ગુજરાત – ૨૦૦૭ના વર્ષની ઉજવણી નિમિત્તે સેન્ટ્રલ ઝોન/આરોગ્ય વોર્ડ નં.૨ સી – રૂદરપુરા વિસ્તારમાં બુધવારે તા.૧૧/૦૭/૦૭ના રોજ સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જે (૧) રૂદરપુરા મૌલવી સ્ટ્રીટ અલ્લાબાવાની ચાલ, હીદાયત મસ્જિદ તથા હરરાઈ મસ્જિદ તરફના ખાંચાઓ, (૨) રૂદરપુરા બોબ્બે કોલોની ન.પ્રા.શાળા નં.–૨૭/૨૮ થી શરૂ કરી નાડીયાવાડ નાકા સુધીનો વિસ્તાર, (૩) રૂદરપુરા હિન્દુ ગાર્ડન કોલોની હરરાઈ સ્ટ્રીટ અનવરભાઈ માસ્તરના ઘર થી ટાંકી કોલોની, (૪) કાદર શાની નાળ કન્ટેનરથી છપ્પન ચાલ થઈ રૂદરપુરા મેઈન રોડ સુધીનાં વિસ્તારમાં સ્ક્રેપિંગ/બ્રશીંગથી તળીયાઝાટક સાફસફાઈ કરાવી કાદવ–કીચડનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ તેમજ માયનોર ઈજનેરી કામ કરાવવામાં આવેલ છે. સમગ્ર કામગીરી દરમ્યાન વોર્ડ વિસ્તારના મ્યુ.સભ્ય શ્રી કનુભાઈ પટેલ, શ્રી મહેશભાઈ માસ્તર તથા શ્રીમતી વીણાબેન નાણાવટી હાજર રહી સ્થાનિક રહીશોના સુચનો/ફરીયાદ સાંભળી યોગય નિકાલ કરવામાં આવેલ છે. તેમજ મે.આસી.કમિશ્નરશ્રી તથા આસી.આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અભિયાન હાથ ધરવામાં આવેલ.

સદર અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતાં ૨૫ ઈસમોને નોટીસ આપી ૭ ઈસમો પાસેથી રૂા.૬૫૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ છે. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લોકજાગૃતી તેમજ બીડીંગનો નાશ તેમજ દવાનું વિતરણ કરાવવામાં આવેલ છે. ૪૩૫ ઘરોમાં સર્વે કરી મચ્છરના ૦૩ ઉત્પતિ સ્થાન શોધી તેનો નાશ કરવામાં આવેલ તેમજ ૯૫ સ્લાઈડ લઈ ૦૨ નોટીસ આપવામાં આવી. ૦૯ ગટર/જાળીયા સાફ કર્યા. ૨૨ ટાયર/કન્ટેનર જપ્ત કરવામાં આવ્યા.

TOP

# પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

**(૧) ગંદકી કરનાર ઈસમોને દંડ વસુલ બાબત :–**

આજ રોજ પૂર્વઝોન (વરાછા) માં વરાછા મેઈન રોડ પર આવેલ સવાણી એસ્ટેટ તથા કમલ એસ્ટેટ પાસે આવેલ કન્ટેનર કચરાપેટી પાસે, હીરાની સરણ માંજવાવાળા લોખંડનો ભુકો તથા રબડી નાંખી ગંદકી કરતા હોવાની આવેલ ફરીયાદને આધારે તપાસ કરતા સદર ગંદકી કરનાર કુલ – ૪ (ચાર) ઈસમોને રંગેહાથ ઝડપી પાડી તેઓ પાસેથી કુલ – રૂા.૧૦૦૦૦/– દંડ વસુલ કરી નોટીસ આપવામાં આવેલ છે. સાથે સાથે આજ વિસ્તારમાં ઉભા રહેતા લારી વાળાઓને હટાવી ગંદકી દુર કરી સાફ સફાઈ કરવામાં આવેલ છે.

**(૨) રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ ઉપાડી દંડ કરવા બાબત :–**

આજ રોજ પૂર્વઝોન (વરાછા) ના વિવિધ સ્વસ્તારમાં ચાલતા બાધંકામો પૈકી નીચે જણાવેલ સથળો પરથી રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ મધ્યસ્થ શહેર વિકાસખાતા તેમજ અત્રેના ઝોનનાં શહેર વિકાસ ખાતાના સ્ટાફ મારફત ઉપાડી લઈ દંડ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | સ્થળનું નામ | જપ્ત કરેલ સામાન | વસુલ કરેલ દંડ |
|---|---|---|---|
| 1. | ટી.પી. ૮ (ઉપરવાડા) લોકનગર – ૬૮ – એ. | ૧/૨ – ગાડી કપચી | 500.00 |
| 2. | ટી.પી. ૮ (ઉપરવાડા) ત્રિકમનગર એ – ૭૧ | ૧/૨ – ગાડી કપચી | 500.00 |
| 3. | ટી.પી. ૫૩, ફા.પ્લોટ નં.૩૦, સીબાવેટ રેસીડન્સી, | ૩૦૦ ઈંટ | 500.00 |
| 4. | સંતોષીનગર ૧૫૦ રોડ તથા એ.પી.એમ.સી.માર્કેટ લારીઓ તથા ગલ્લા દુર કર્યા. | | |

સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી. વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા–ડેન્ગ્યુ–ચિકન ગુનિયા" માસ અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં આગામી ચોમાસાની ૠતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશ્નરશ્રીના આદેશઅનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડા શ્રી પ્રીદપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈની સુચના મુજબ તા.૧૧/૦૭/૦૭ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિનું નિર્માણ કરી જાહેર આરોગ્યલક્ષી નુકશાનકર્તા કૃત્ય ખુલ્લા પ્લોટ ઘારકો તેમજ બાંધકામના ઈસમો સામે અનુક્રમે (૧) બીગ બજારની બાજુના ખુલ્લા પ્લોટના ઈસમ પાસે રૂા.૯૦૦૦/– (૨) રાઘિકા ટાવરન ઈસમ પાસે રૂા.૧૦૦૦૦/– (૩) વૈશાલી બંગ્લોઝ પાછળનો ખુલ્લો પ્લોટના ઈસમ પાસે રૂા.૨૦૦૦૦/– (૪) પાંજરાપોળ સામેનું બાંધકામના સંચાલકો પાસે રૂા.૫૦૦૦/– (૫) યુ.એસ.પીઝા, સીટીલાઈટ રોડ ખાતે આવેલ સંચાલક પાસે રૂા.૭૦૦૦/– મળી કુલ રૂા.૫૧૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલાત લઈ જરૂરી એન્ટી લાર્વલ અને એન્ટી એડલ્ટ કામગીરી પણ કરવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર સેવા સદન વી.બી.ડી.સી. વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોની આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈ વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP